નં.પીડીએસ/સબસીડી/બારકોડેડ રેશનકાર્ડ/૨૦૧૨-૧૩

નિયામક અન્ન અને નાગરિક પુરવઠા કચેરી,
બ્લોક નંબર ૧૪,સાતમો માળ,
સચિવાલય,ગાંધીનગર.
તા.૨૪/૭/૨૦૧૨.

વંચાણે લીધા;

(૧) અન્ન નાગરિક પુરવઠા અને ગ્રા.બા.વિભાગનો ઠરાવ ક્રમાંક:કટક/૧૦૨૦૧૦/૨૨૨૪/ક.૧, તા.૩/૪/૨૦૧૨

(૨) અત્રેની કચેરીનો પત્ર તા.૧૧/૭/૨૦૧૨

(૩) અન્ન નાગરિક પુરવઠા અને ગ્રા.બા.વિભાગનો ઠરાવ ક્રમાંક:પરચ/૧૦૨૦૧૨/૨૧૪૧/ક, તા.૨૦/૭/૨૦૧૨

(૪) અન્ન નાગરિક પુરવઠા અને ગ્રા.બા.વિભાગનો ઓન લાઇન ગ્રાન્ટ ફાળવણી હુકમ નં.બીયુડી/૧૧/૨૦૧૨/૨૨૮૮૯૯/બજેટ,તા.૧૬/૬/૨૦૧૨.

## કચેરી હુકમ

વંચાણે લીધેલ(૧) પરના અન્ન નાગરિક પુરવઠા અને ગ્રા.બા.વિભાગના ઠરાવથી જાહેર વિતરણ વ્યવસ્થા અંતર્ગત ગેરેરીતિ અટકાવવા બારકોડેડ રેશનકાર્ડ તથા કુપનો આપવા અંગેની બાબત આયોજન હેઠળ થનાર ખર્ચની રકમ રૂ.૫,૨૦,૦૦,૦૦૦/-(અંકે રૂપિયા પાંચ કરોડ વીસ લાખ પુરા) નિયામક અન્ન અને નાગરિક પુરવઠા કચેરીને ઠરાવમાં જણાવેલ શરતોને આધિન હવાલે મુકવા વહીવટી મંજુરી આપવામાં આવેલ છે,

બારકોડેડ રેશનકાર્ડ ઓફ લાઇનથી આપવાની કામગીરીમાં ઝડપ આવે તેમ જ ક્ષતિ રહિત નવા બારકોડેડ રેશનકાર્ડ તૈયાર થાય તે હેતુથી સ્ટેશનરી ખર્ચ અને અન્ય કન્ટજન્સી ખર્ચને પહોચી વળવા વધારાના ખર્ચની ચુકવણી કરવા તમામ જીલ્લાના પુરવઠા અધિકારીશ્રીઓ તરફથી મળેલ રજુઆત સરકારશ્રીમાં વિચારણામાં લેતાં સરકારશ્રીએ વંચાણે લીધેલ (૩) પરના પત્રથી નવા બારકોડેડ રેશનકાર્ડની કામગીરી માટે સ્ટેશનરી તેમ જ કન્ટીજન્સી ખર્ચને પહોચી વળવા ફોર્મ દીઠ રૂ.૦.૩૫પૈસા પ્રમાણે બારકોડેડ રેશનકાર્ડ માટેની ફાળવેલ રકમમાંથી ખર્ચ કરવા મંજુરી આપવામાં આવેલ છે.

આથી જિલ્લાઓને નવા બારકોડેડ રેશનકાર્ડ માટે ભરાઇને મળેલ ફોર્મ નં.૧ના કુલ ફોર્મ પૈકી ડેટાએટ્રી થયેલ ફોર્મની સંખ્યાને ધ્યાને લઇને આ સાથેના પત્રક મુજબ ફોર્મ નં.૧ દીઠ રૂ.૦.૩૫ પૈસા મુજબ જિલ્લાઓને નીચેના બજેટ સદરેથી રૂ.૩૮,૧૫,૦૦૦/-(અંકે રૂપિયા આડત્રીસ લાખ પંદર હજાર પુરા)ની ગ્રાન્ટની ફાળવણી કરવામાં આવે છે.

(૧) આ ખર્ચ તા.૩૧/૩/૨૦૧૨ સુધીમાં કરવાનો રહેશે.

(૨) ખર્ચના વાઉચર નંબર, તારીખની વિગતો અત્રેની કચેરીને મોકલવાની રહેશે. તેમ જ એ.જી.કચેરી રાજકોટ સાથે ખર્ચનું મેળવણું કરી અત્રે જાણ કરવાની રહેશે.

માગણી નંબર ૨૩,

મુખ્ય સદર ૪૪૦૮ ખાધ સંગ્રહ અને વખાર વ્યવસ્થા

પેટા મુખ્ય સદર:૦૧ ખોરાક

ગૌણ સદર:૧૦૧ પ્રાપ્તિ અને પુરવઠો,

પેટા સદર;૦૧ ભાવ ટ્કાવ અને વાજબી ભાવની દુકાનો(આયોજન)

વિગતવાર સદર;૦૦

હેતુ સદર; અન્ય ખર્ચ ૫૦૦૦ (ઈડીપી કોડ ૫૦૦૬)

સ્કીમ નંબર ૧૧૬૬૩૨

નિયામક

અન્ન અને નાગરિક પુરવઠા

ગાંધીનગર

પ્રતિ,

૧.અન્ન અને નાગરિક પુરવઠા નિયંત્રકશ્રી, અમદાવાદ શહેર, અમદાવાદ.

૨.જિલ્લા પુરવઠા અધિકારીશ્રી, તમામ

નકલ સવિનય રવાના:

૧.નાયબ સચિવશ્રી,(ક શાખા) અન્ન નાગરિક પુરવઠા અને ગ્રા.બા.વિભાગ, સચિવાલય. ગાંધીનગર.

૨.નાયબ સચિવશ્રી,(બજેટ શાખા) અન્ન નાગરિક પુરવઠા અને ગ્રા.બા.વિભાગ, સચિવાલય. ગાંધીનગર.

૩.જિલ્લા તિજોરી અધિકારીશ્રી તમામ

૪.એકાઉન્ટન્ટ જનરલશ્રીની કચેરી, ગુજરાત રાજ્ય રાજકોટ,

૫. એકાઉન્ટન્ટ જનરલશ્રીની કચેરી, ગુજરાત રાજ્ય અમદાવાદ.

૬.સીલેકટ ફાઇલ.

૭.રીકંન્સીલેશન ફાઇલ.